રજુ તારીખ :
દાખલ તારીખ:
ફૈંસલ તારીખ : ૧૩/૦૭/૧૯
અવધિ: વર્ષ- માસ- દિવસ.

**અમદાવાદ(ગ્રામ્ય) મીરઝાપુર ના મહેરબાન સાતમા એડી.સિવિલ જજ (કુ.વિનતી) સાહેબની કોર્ટમાં, અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. ૭૩/૨૦૧૯**
આંક-૦૭

ફરીયાદી:- શ્રી સ ર કા ર

વિ રૂ ધ્ધ

આરોપી:-રમેશભાઈ રાજેન્દ્રભાઈ વિશ્વકર્મા.

ગુનો: ગુજરાત નશાબંધી ધારાની કલમ:૬૬(૧)બી, ૬૫(૧)૩ વિગેરે

**-:: ચુકાદો ::-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ: ૬૬(૧)બી,૮૫(૧)૩ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે ન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

આજરોજ ના. નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પે. સીટીંગ રાખેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપી વિરુધ્ધ ચાર્જ ફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

(૪) આરોપીએ ગુન્હા કબુલાત પુરસીસ આપી એમાં જાહેર કરેલ છે કે મારો આ પ્રથમ ગુનો છે. અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ સ્થિર ધંધો નથી, અમો છુટક મજુરીનુ કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારુ તેમજ અમારા કુટુંબનુ ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી અને તનાવમાં ગુનો થઈ ગયેલ. અમોએ દારૂ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્દવ કરેલ નથી, ઝઘડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી, અસ્ત્તિ ભાષા વાપરેલ નથી કે મારા-મારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરુધ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જશીટના કોલમ નં. ૫ માં જાહેર રસ્તા વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં છટકો બની લથડીયા ખાતો મળી આવ્યા માત્રનો આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોયઉપરાંત રોજગાર પણ ન હોય ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર આવવાની જરુર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરુરીયાત રહે અને અમોને કયાકે રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય જે તમામ હકીકતોએ આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદ્દેશથી વિનમ્ર માડી આપવા અને રહેમ રાખવા અમારી અરજ ગુજારીએ છીએ

(૪.૧) તમામ રેકર્ડ ઉપરની હકીકત લક્ષમાં લેતા વગર પાસ પરમીટે દારૂ પી છાટકો બની લથડીયા ખાતો હોવા સંદર્ભનો આક્ષેપ છે. આરોપી વિરુધ્ધ ફરીયાદ પક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે દારુ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્દવ કરી, ઝઘડો કરી, અસભ્ય વર્તન કરી, અશિસ્ત ભાષા વાપરી કે મારા-મારી કરેલ. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામનો

સરકારી અમલદાર ફરીયાદી સરકારી અમલદાર સાહેદ, પંચો,સરકારી અધિકારી ડોકટર સાહેદ અને સરકારી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનુ પ્રમાણ લક્ષમાં લેતા ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહીં. આરોપીનો સમય, ફરીયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જ સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાના ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતા હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઈ તેમજ ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નક્કી કરેલી મીનીમમ સજા કરતા ઓછી સજા કરીને મીનીમમ દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનુ હિત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ઘ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છુ.

**હુ ક મ**

ક્રિ.પ્રો.કો. કલમ :૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી પ્રોહી. એકટની કલમ ૬૬(૧)(બી),૮૫(૧)(૩) મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૫૦૦/– અંકે રૂપિયા પાંચસો પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન:૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા:૧૩ માહે ૭ સને ૨૦૧૯ નાં રોજ જાહેર કર્યો.

તા:૧૩–૦૭–૨૦૧૯
સ્થળ–અમદાવાદ.

(વિનતી)
જીજે.૦૧૫૫૦
૭મા એડી.સીવીલજજ
અમદાવાદ(ગ્રામ્ય) મીરઝાપુર.